શ્રી વલશાડની $\frac{૧}{૧૦}$ ૧૪૪

મરહુમ બેહશતી હોરમજી ભીખાજી

ચીનાઈની

અગીઆરી બાબત

વલશાડનાં મેહરબાન રાવ બાહાદુર

માંમલતદાર શાહેબે


આપેલુ જડજમેંટ.

ાશતીઓને વાંચી વાકિફ થવા

ારૂ છપાવી પરગટ કરીએ છે.

શન ૧૨૫૯ યઝદજરદી

શન ૧૮૯૦ ઇશાવી



"વલશાડ મધે મુંબઇવાલ્લા બેહેસતી
અંધીઆરૂ શેઠ હોરમજી ભીખાજી
ચોનાઇએ અગીઆરી બંધાવેલી
છે અને તેનું માલકીપણું
તેઓએ કાએમ રાખેલું છે."

તથા

તે અગીઆરી ઉપર ધરમખાર ફંડના
તરશટીઓની અખતીઆરી તેમજ
તરશટીઓનાં અગીઆરીમાં કાંમ
કરનારા મોબેદો વીગરેનો
ખોલાશો.

સરવે જરથોસતીઓને વાંચો વાકેફ થવા
સાંરૂ છપાવી પરગટ કરીઓ છે

શને ૧૨૫૯ ઇઅજદેજરદી

શને ૧૮૯૦ ઇસવી.

સુરત "વિકટોરિયા પ્રેસ"મા
મછારામ ઘેલાભાઇએ છાપ્યુ

શ્રી વલસાડ મધ્યે મુંબઈવાલા બેહેસતી અધીઆરૂ શેઠ હોરમજી ભીખાજી ચીનાઈએ સંવત ૧૮૭૫ (ઇસવી ૧૮૧૯) મા અગીઆરી બધાવેલી છે, અને તે અગીઆરીમાં જામાશપ ભાઇજીના મોબેદો કામ કરતા આવેલા છે, તે શેવાએ એ મોહલ્લામા બીજા કોઈ કુટુંબના મોબેદો છેજ નથી હવે ફીરોજી પેસુતનજી દસતુર (તા૦ ૧૩ ડીસેમબર ૧૮૭૨) ને રોજે એજ અગીઆરીમા નહાણ લેવા ગએલા હતા, તેવણને ધમબાર ફડના **તરૂશટીઓના હોકમ વગર મોબેદોએ નહાંણ નહીં આપેઉં**. તે દહાડાથી અગીઆરીમાં કજીઆનુ બી રોપાયુ, તેનુ આ વરશે શેવટ આ વીઉ હવે ફીરોજી તો સવત ૧૯૪૧ના બહમન મહીનામા ગુજરી ગઆ તેવણ પોતાની પછવાડે ૪ દીકરા મુકી ગઆ, તેમાના નાલા છોકરા ખરશેદજીએ તા૦ ૩૧ મે સન ૧૮૮૯ને રોજે વલશાડના મેહેરબાન રાવ બાહાદુર મામલતદાર સાહેબને અરજી આપી તે અરજીનાં પેહેલા પેરેગરાફમા ખરશેદજી લખે છે કે—

૧ નીચેની હદમેહદુદનુ મકાન **કદીમથી ઘણી પેહેડીથી,**

૨ હમારા સ્વતતર **માલકીપણાના હકથી,**

૩ હમારા કબજા ભોગવટામા હતુ

૪ અને **હમારા શેવાએ કોઇના વાપરવામાં હતું નહિં.**

૫ તેમા **હમારી પરવાંનગી વીના** કોઇથી ધરમ સંબધી બરશનુમ તથા જશન વીગેરેની **કીરીઆ થતીનહિં હતી.**

૬ તેમ એ મકાનમાં હમારા શેવાએ **કોઇને રાતની વખતે સુવાનો** અથવા **દીવશે રેહવાનો હક** અગર વહીવટ **હતો નહિં.**

ખરશેદજીની અરજી માંહેના પેહેલા પેરેગરાફનો અનુક્રમે ખોલાશો.

૧ હમે ખરશેદજીને એમ પુછવા માગીએ છીએ કે, કદીમથી—ઘણી પેહેડીથી એટલે શું? કેમકે કદીમનો અરથ જુનો પુરાંનો એવો થાય છે હવે જો એ "કદીમ" શબદ આપણે આએ "અગી-

આરી" શબદની સાથે જોડીએ, જેમકે (કદીમ અગીઆરી) તો તેનો અરથ હેવો થાય છે કે જુની અગીઆરી, પુરાની અગીઆરી, અશની અગીઆરી હેવો થાય છે પણ આએ તકરારી અગીઆરી બાંધેઆને તો ચોખા ૭૦ વરસ થઆ તાઆરે એ અગીઆરી કદીમ અને **ખરશેદજીની પેહેડી દર પેહેડીની કેમ કેહેવાએ ?** માટે કદીમ અને પેહેડાનો અરથ [illegible] બીલકુલ સમજ તોજ નથી જુઓ ખરશેદજી [illegible] પેહેડેર કેહેવાએચ, અને તેને એક [illegible] ના [illegible] ખબર નહીં મલે ! ! તીઆરે એજ અરજીમા [illegible] કેહેવા ગોહર વેરીઆ હશે તે હવે પછી [illegible] છે

૨ એ અગીઆરી [illegible] દીવાની કોરટમા કજીઓ ચાલેલો, તે વખતે મી૰ એદલજી [illegible] ઇમ [illegible] ૧૮૭૪મા ઈંગરેજીમાં ચીનાઇનુ હોકમનામુ [illegible] આપેલુ છે [illegible] જે એ ધરમનુ મકાન ચીનાઇનુ માલકીનુ [illegible] તેના ગુજરાતી ચોપાનીઆ છપાવેલા છે તે ચોપાનીઆને [illegible] ૧૮ને નીચે પરમાણે આવેલુ છે

> " દસતુર કબુલ કરે છે કે એ અગીઆરી મારી નથી તે ફકત અગીઆ-
> " રીના વહીવટનો હક તથા તે ઉપરની સતાનો દાવો કરે છે
> " એવો હક તેણે શાબીત કરાઓ નથી હકદાર માલીકો ત-
> " રફથી તેને અધીકાર મલીઆ વગર દસતુર તરીકેજ કાઇ
> " એવો હક સવતતર તેને મલી શકતો નથી"

ઊપલા જડજમેંટમા સાફ લખે છે કે (હકદાર માલીકો તરફથી) એટલે જે અગીઆરી બાબત ચીનાઇ તરફથી ફીરોજીને કઇબી અધીકાર મલીઓ નથી, હેવી રીતે ફીરોજી દીવાની કોરટમા ચીનાઇની અગીઆરી ઉપરનો જરાબી હક શાબીત કરી શકીઆ નથી. વલી ફીરોજી કબુલ કરે છે કે (એ અગીઆરી મારી નથી) તીઆરે ખરશેદજી શુ આધાર ઉપરથી તકરારી અગીઆરી **તેવણનાં સવતંતર માલકીપણાંના હકની લખે છે ?** પણ એમ લખવામાં ખરશેદજી તદન ખોટો છે

૩ જીઆરથી એ અગીઆરી બધાઇ, તીઆરથી એ અગીઆરીમા કાંમ કરનારા જામાશપ ભાઇજીના વારશો છ મહીના, વરશ,

બે વરશ ઘરમાં આપે એ અગીઆરી વાપરી નાહણ મુકીને ચાલી ગએલા છે, અને બે તરણ તો હમેશ રહે છે, અને હમણા ભી તેમજ ચાલે છે, પણ એ અગીઆરીના માલીક તરફથી જેને **અખતીઆર અને અધીકાર મલીઓ હોય** તેજ ધણી તેની દેખરેખ રાખતા આવેલા છે, અને કબજાદારભી તેજ શખ્શો કહેવાય છે—નહીં કે ભણવા આવતા જતા શખશોનો કબજો કેહવાએ હેનો વધારે પોરાગો જુઓ ના ૧.

૪ એ અગીઆરી બધાઇ તીઆરથી જમાશપ ભાઇજીના વારશો જેઓ અગીઆરી વાપરનારા છે તેઓ અગીઆરી વાપરતા આવીઆ, વાપરે છ, અને વાપરશે તેમા ખરશેદજી તેઃ શુ, પણ ખરશેદજીના દાદાનોભી એ અગીઆરીપર હક નથી

૫ મજકુર અગીઆરી બધાઈ તીઆરથી તે અગીઆરીમાં કાંમ કરવા વાલા મોબેદો એક એક સાથે કામ કરતા આવીઆ; તેમાં નાંધલાએ મોટાની, અને મોટાએ નાંધલાની, **જરવાંનગી રજા કોઇએ કોઇની લીધી નથી,** પણ સનત ૧૯૧૧ (ઇસવી ૧૮૫૫) ના સાલથી ઘગબાર ફડના તરશટીઓની રજા લેઇ નાહણ લેવા અને કામ કરવા લાગા તેમા હીરાજીએભી કાગજે લખી નાહણ લેવા કામ કરવા તરશટીઓની રજા લધેલી છે તેના સરવે કાગજો અનુકરમે એજ ચોપાનીઆના પાછલા ભાગમા જોવામા આવશે.

૬ તકરારી અગીઆરી સાત ૧૮૭૫ (ઇસવી ૧૮૧૯) માં બધાઈ, તે વખતે તેમાં જથુક આતશ રાખેલા નહિ હતા, પણ કામની વખતે મોબેદો પોતાને ઘેરથી અગીઆરીમાં આતશ લેઈ જતા અને કામ પુરૂ થઆ પછી આતશ પાછા પોતાને ઘેર લાવતા. એવો વહીવટ ૨૯ વરશ સુધી ચાલીઓ તેવારપછી હોરમજી ચીનાઈના વારશો શેઠ ખરશેદજી તથા શેઠ જાગીરજીએ સવત ૧૯૦૩ (ઇસવી ૧૮૪૭) ના સાલમાં પોતાને ખરચે અગીઆરીમા જથુક આતશ રખાવીઆ તેની કાડી, સુખડ, લોબાન, બતી અને સાફ રાખવા વીગેરેનો ખરચ એક લખાણ કરી વરશ દહાડાનુ લવાજમ ઠરાવીને **મોબેદ ખરશેદજી જમશેદજીને સોંપેલું.** તે કામ મજકુર મોબેદ ૬ વરશ ચલાવીઉ. હવે ખરશેદજી મોબેદ સવત ૧૯૦૮ (૧૮૫૨) માં ગુજરી ગઓ, તીઆરપછી " મજકુર ચીનાઇઓએ ઉપર

મુજબ લવાજમ ઠરાવીને સઘળુ અગીઆરીનુ કામ **મોબેદ બીખાજી બેગમજીને સોપીઉં.** હવે બીખાજીએ તે કામ ૨૫) વરશ ચલાવોઉ હવે આ ઉપર જણાવેલા ખરશેદજી મોબેદ ૬ વરશ અને બીખાજી મોબેદ ૨૫) વરશ મલી ૩૧) વરશ અગીઆરીના **મુલ માલીકના હોકમથી** અગીઆરીનો **સઘળો વહીવટ કીધેલો.** તેના પુરાવાના અસલ ધણીનાં કાગળો હાલ હમારી પાશે મોજુદ છે તીઆરપછી વલી મજકુર ચીનાઈઓએ તા૰ ૨૫ફેબરવારી શને ૧૮૭૬ને રોજે અગીઆરીની સઘળી દેખરેખ વીગેરેનો અખતીઆર **ધમબાર ફંડના તરશટીઓને** મુબઈમાં રેજીશટર કરી આપેલો છે, કે ને રેજીશટર દીવાંની કોરટના કાંમમાં તેમજ હમણા વલશાડના, મેહેરબાન રાવ શાહેબ મામલતદારની કોરટના કાંમમાં દાખલ થએલો છે એમ કરી ઇસવી ૧૮૪૭થી તે ૧૮૭૬ સુધી (૩૦ વરશમા) **ચીનાઇઓએ પોતાની અગીઆરીનો વહીવટ ચલાવવાનો અખતીઆર તરણ જણને લખી આપેલો છે.** તેમા ખરશેદજી જમશેદજી, તેમજ બીખાજી બેરામજી ગુજરી ગઆ—હવે ધમબાર ફંડના તરશટીઓ અગીઆરીમાં દીવાબતી અને સાર રાખવા તા૰ વરશ દહાડે અગીઆરી ચરાવવા વીગેરેનો શઘળો વહીવટ ઉપલા રેજીશટરના વખતથી ચલાવીઆ જાય છે એમ એક એક પછી ધણીના ફરમાવીઆ મુજબ અગીઆરીનો વહીવટ કરતા આવેલા છે

હવે ખરશેદજી કહે છે કે (એ મકાન કદીમથી–ઘણી પેહડીથી હમારા કબજામા હતુ) પણ આ તકરારી અગીઆરી સાથેનો ખરશેદજીનો સબધ કબજા ભોગવટાનો નહિ હતો, તો માલકીપણાનો હોએજ કાહથી?

અગીઆરીમા **ખરશેદજીનો કબજો છેજ નહિં, તો કબજો જતો કેમ રેહે?** તેમજ એ સબધ વશ પરમપરાનો નહિ હતો કે જેથી બાપના મરણ પછી તેના છોકરાને ઉતરે તેમજ ફીરોજીના મરણ પછી **કોઈ દીકરાને દસતુરી મલી નથી** જીઆરે **ખરશેદજી દસતુરજ નથી,** તો આ દાવો કરવાને એ સુનગો ૮ાએક નથી જો એ મકાન ઘણા જુના વખતથી ફીરોજીનાં કબજામા હતે, તો દીવાંની કોરટમાં તેઓ શાબીત કરી શકતે પણ

જીઆરે તે કોરટમાં ફીરોજી શાબીત કરી શકીઆ નથી, તો ખરશેદજીને આ ફરીઆદ કરવાનુ કારણ નહીં હતુ

ખરશેદજી કહે છે કે "ઘણી પેહડીથી," તો હવે ખરશેદજીની કેટલી પેહડી' અને કેટલાં વરશથી ચાલતી આવી' તેનો ખોલાશો આ ઠેકાણે કરવાની જરૂર છે, કે ફીરોજીની પેહડીમા પેહલા દસતુર ફીરોજીન બાપના બપાવા "ફરામજી" કરીને હતા, તે તે વખતે ઘણા હોશીઆર, ભણેલા કહેવાતા હતા, તેથી ફરાંમજીને વલસાડના શઘળા પારશીઓ **"ફરામજી દસતુર"** કરીને કેહતા હતા હવે ફરામજી દસતુરની અગાઉ અને જામાશપભાઇજીની પછી વલશાડમા કોઈ દસતુર નીમાએલો નહિ હતો, પણ વલશાડમાં સઘળા શાધારણ મોબેદામા જે વધારે **"બુજરોગ-બુઢો"** મોબેદ હે એ તે શાદી ગમીની મીજલશમા **પેહલો બેસતો હતો.** એવો રીવાજ અસલથી ચાલતો આવેલો છે, અને કેટલેક ઠેકાણે હમણા પણ તેમ ચાલે છે તેમજ ફરામજી બુઢા-બુજરોગ તરીકે મીજલશમા પેહલા બેસતા હતા

હવે ચીનાઇના અગીઆરી સવત ૧૮૭૫માં બધાઇ તે વખતે ફરાંમજી વલશાડમા **"દસતુરી"** કરતા હતા તે અગીઆરી બધાઆ પછી ૧૪ વરશ ફરામજીએ દસતુરી કીધી તે પછી ફરાંમજી દસતુર સવત ૧૮૮૯મા ગુજરી ગઆ તે વખતે ફરામજી દસતુરના વડા દીકરા (પીરોજીના બપાવા) ફરદુનજીને વલશાડની અજુમને દસતુર બનાવીઆ હતા અને ફરદુનજીએ ૧૧ વરશ દસતુરી કીધી, તે પછી ફરદુનજી દસતુર સવત ૧૯૦૦માં ગુજરી ગઆ તે વખતે ફરદુનજી દસતુરના નાલાભાઇ (ફીરોજીના મમાવા) ખુરશેદજીને વલશાડની અજુમને દસતુર બનાવીઆ હતા, અને ખુરશેદજી દસતુરે ૬ વરશ દસતુરી કીધી તે પછી ખુરશેદજી દસતુર સવત ૧૯૦૬માં ગુજરી ગઆ, તે વખતે ફીરોજીને વલશાડની અજુમને દસતુર બનાવીઆ હતા, અને ફીરોજીએ ૩૫ વરશ દસતુરી કીધી

હવે જુઓ વલશાડના પારશીઓની વસતી સવત ૧૪૭૧ અગાઉની છે તેને આજે આસરે ૪૭૫ પોણીપાનશો વરશ થવા આવીઆ એટલા વરશના અરસામાં વલશાડની અજુમન તરફથી જાણે ૪ દસતુરો નીમાએલા છે, અને તેની નોધ અજુમનના દફતરમાં છે તેની અગાઉ વલશાડમાં અજુમન તરફથી નીમાએલો કોઇ દ-

સતુર જણાતો નથી, તમજ તેની ગામ કુથે મલી શકતી નથી તેનુ કારણ હમે ઉપર કહીઉ છે તેમ, કે જે બુર્જરોગ મોબેદ હોવે, તે મી જલશમા પેહેલો બેસતા હતો એમ એક પછી એક બેસતા આવેલા, તે જુના લખાણોથી માલમ પડે છે

હવે ફરામજી દશતુરે ૧૪ વરશ, ફરદુનજી દશતુરે ૧૧ વરશ, ખુરશેદજી દશતુરે ૬ વરશ અને ફીરોજી દશતુરે ૩૫ વરશ દશતુરી કીધી મલી ૬૬ વરશમા ૪ દશતુર થઈ ગઆ તેમજ અગીઆરી બંધાઆને ૭૦ વરશ થઆ હવે એ ચારમા **કઆ દશતુરના કબજામાં તકરારી અગીઆરી હતી?** અને કઆ દશતુરે તે અગીઆરીપર **માલકીપણાંનો હક રાખેલો હતો? એ મારો મોટો સવાલ છે.** જો તેવણે એ અગીઆરીપર માલકીપણા અને કબજાનો હક રાખેલો હતે તો, કોઈબી દસતુરનુ કઈબી લખાણ પીરોજી ઈઆ ખરશેદજી કોરટમાં બતાવી શકતે. પણ હમે જેમ ઉપર કહીઉં, તેમ કબજો ભોગવટો નહીં હતો, તો માલકીપણુ તો હોએજ કાંહથી? ખરશેદજી કહે છે કે "ઘણી પેહેડીથી" તો ખરશેદજીની પેહેડીના ઉપર જણાવેલા ચોખા ૬૬ વરશ છે એ ૬૬ વરશની અંદરમાં, ખરશેદજીના વડવાઓ થઈ ગઆ, **એને "ઘણી પેહેડી" એમ કેમ કેહેવાએ?** માટે ખરશેદજીને "કદીમ" શબદની તો નહી પણ ફકત "પેહેડી" શબદનીબી ખબર નહીં મલે!!

હવે ફરામજી દશતુરની ઉપર કોઈ ફરામજીનો વડો અથવા કોઈ બીજો **હમારા** મરહુમ મોબેદ જામાશપભાઈજી, દશતુર ખુરશેદજી શજાણાના **વંઉશનો વડો** "દશતુર" થએલો જણાતો નથી. માટે ૬૬ વરશમા તાણી તોડીને જેમ તેમ ૪ દશતુરો હમે ચોપાંનીએ ચડાવી આપીઆ તેથી હવે તો ફીરોજીના દીકરાઓ ઉપર આશા રાખીએ છીએ કે તેવણ પોતાનો "કદીમ" અને "ઘણી પેહેડીના" **દશતુર બતાવી આપે**—નહીં તો પછી એમજ જાણવુ કે ખરશેદજીએ ખાલી મોહડેથીજ "કદીમ અને **પેહેડીને" ઉચકી ધરી.**

હવે ફીરોજી બેહેશતી થઆ પછી રીવાજ પરમાંણે ફીરોજીના કોઈબી છોકરાને અંજુમન તરફથી દશતુરી આપવામા આવી નથી, તેનો કઈ ખાતરીભરેલો ખુલાસો જણાતો નથી પણ સાંભળવામા આવીઉ કે હમણાના સુધરેલા વખત

[illegible] કગમા કઈ સેજ સાજબી ધરમનુ ભડોલમવે [illegible] ડનો અંજુમને [illegible] કીધેલા જણાએ છે જો [illegible] અંજુમ[illegible] કંઈ [illegible]ડી વાજબી કીધી નથી [illegible] આ ઉપર જણાવેલા [illegible] વાચનાર [illegible]ના ખા[illegible]રી [illegible] કે ચીનાઈની અગીઆરી ઉપર ખરશેદજીના તેમજ તેના [illegible]ડવાઓનો [illegible] હક્ક નથી.

ભાગ બીજો.

હો ચીનાઇની અગાઆરીમા કામ કરનારા ફીરોજી અને મોબેદો ઉપર ઘમબાર ફડના **તરશટીઓની મુખતીઆરી છે.** તે હકીકત નાચે પરમણે છે

હવે જુઓ, સવત ૧૯૧૧ (ઈસવી ૧૮૫૫) ના સાલથી ઘમબાર ફડના તરશટીઓની રજા લઇ ફીરોજી અને મોબેદોએ કામ કીધેલા છે અને તરશટીઓએ કોઈએક વખત ફીરોજી અને મોબેદોને અગીઆરીમા કામ કરતા અટકાવી રાખેલા તીઆરપછી તેઓએ કેટલી કેટલી વીનતીના તરશટીઓ ઉપર મુબઇ કાગજો લખી નહાણ લેવા કામ કરવાનો "રજા માગેલી છે" તે શઘળાઓને હાથના લખેલા કાગજોથી શાબીત થાએ છે જો તે શઘળા કાગજો એમા લેઇજીએ તો ચોપાનીઉ ઘણુ લખાણ થવા જાએ, માટે તે કાગજોના અનુકરમે નબરો નીચે આપાએ છીએ.

હમણા જેઓ ખરશેદજીની તરફેણમા છે, તેઓ સાથે ફીરોજીને સવત ૧૯૧૧ (ઈસવી ૧૮૫૫) મા કઇ ખટપટ થએલી તે ઉપરથી તેઓએ ફીરોજીને કહીઉ કે તમે બીજુ નાહણ લેઇ અગીઆરીમા કામ કરજો તે ઉપરથી ફીરોજીએ પેલી ખટપટની હકીકત મુબઈ તરશટીઓ ઉપર લખી, તેવણની મદદ માગી તેના જવાબમા તરશટીઓએ ફીરોજી ઉપર લખીઉ હતુ કે હમે તમારા નહાણની તપાશ કરીએચ, તેટલા તમે અગીઆરીમા વાપરતા રખે તીઆરપછી તપાસ કરતા ફીરોજીને બીજુ નહાણ આપવાની તરશટીઓને જરૂર જણાઇ નહિ, તેથી ફીરોજીને પાછું તેજ નહાણ વાપરવાની તરશટીઓએ રજા આપી. તે બાબત વલશાડથી **૨૪ જણે સહી કરીને** તરશટીઓ ઉપર કાગજ લખેલો. તે કાગજમાં મતલબ આટલીજ છે કે ફીરોજીને નહાણ વીપરવાની તરશટીઓએ રજા

આપી તેથી તેઓ (વલશાડવાલા) **બધા ખુશી છે.** જુઓ તરશટીઓના હુકમ વગર આ વખતે ફ રોજથી ન ાગુ વપરાયુ નહીં **જીઆરે તરશટીઓએ રજા આપી,** તીઆરેજ ફીરોજ કાંમ કરતા થઆ, તે અસલ કાગજ ના **૧.**

વલો ઇસવી ૧૮૫૭ (સવત ૧૯૧૩) માં મરહુમ મોબેદ ભીખાજી બેરામજીએ નહાણુ લેવાને માટે **તરશટીઓ પાસે રજા માંગેલી** તે ભ'ખાજીનો લખેલો અસલ કાગજ ના **૨.**

વલી ઇસ્વી ૧૮૫૯ (સવત ૧૯૧૫) ના જુન મહીનામાં **ફીરોજી માફીપતર લખી આપી આવીઆ,** તેવાર પછી ફીરોજીએ તે માફીપતરની હકીકત મુબઈ ચારે તરશટીઓ ઉપર લખી મોકલી, તીઆરપછી તરશટીઓ અને ૧૮ મોબેદાની સહી સાથનો એક કાગજ મુબઇથી તા૦ ૨૫ જુન ૧૮૫૯ને રોજે ફીરોજી ઉપર મોકલાવેલો તે કાગજમા એમ લખેલુ છે કે (તમારાથી બે કામ સચવાએ નહી, અગીઆરીમા કામબી કરવુ, અને દશતુરીબી કરવીએ **કેમ બને ?** માટે હવેથી તમે અગીઆરીમા કામ કરતા રખે, તે કાગજને આધારે ફીરોજી આદર મહીનામા કામ કરતા અટકેલા હવે તે ૧૮ જણની સહીનો અસલ કાગજ ફીરોજી પાશે રહેલો છે, પણ તેની નકલ ના **૩.**

વલી ૧૮૫૯મા ફીરોજી માફીપતર લખી આપી આવીઆ પછી બીજુ નહાંણુ લેવાની **તરશટીઓ પાશે રજા માગેલી,** તે ફીરોજીનો અસલ કાગજ ના. **૪.**

વલી ઇસ્વી ૧૮૫૯ (સવત ૧૯૧૫) માં ફીરોજીને નહાંણુ લેવાની રજા આપવી જોઇએ હેવી ભલામણનો અધીઆરૂ ઇજીઆર દારબજીએ વલશાડથી મુબઇ તરશટીઓ ઉપર લખેલો અસલ કાગજ નાં **૫.**

હવે જીઆરે ફીરોજી ઉપર જણાવેલા જુન મહીનાથી અગીઆરીમા કાંમ કરતા અટકેલા રહેઆ, તે છેક ડીસેમબર મહીના સુધી રહેઆ (૬ મહીના) તે બાબત **હુમારા મોહલાના ૧૯ જણે સહી કરીને** મુબઇ તરશટીઓ વીગરે ઉપર કાગજ લખેલા તેમાં

મતલબ આટલીજ છે કે (હવે ફીરોજીને નહાણુ લેવાની રજા આપવી જોઇએ) તે કાગજને આધારે ફીરોજીને તરશટીઓએ ૬) મહીને **નહાંણુ લેવાની રજા આપી,** તે અસલ કાગજ ના **૬.**

વલી ઇસ્વી ૧૮૫૯ (સવત ૧૯૧૫) મા ચીનાઇની અગીઆરીમાના બરશનુમવાલા મોબેદને કોઇબી જરથોસતીને તાંહા બાજ ઇજવા બોલાવે તો મોકલુ કે નહી? એમ લખી ફીરોજીએ **તરશટીઓનો હોકમ માંગીઓ હતો,** તે ફીરોજીનો લખેલો અસલ કાગજ ના **૭.**

વલી ઇસવી ૧૮૬૧ (સવત ૧૯૧૭) મા ફીરોજી અને બીજા અગીઆરીમા કામ કરનારા મોબેદોને તરશટીઓએ કામ કરતા અટકાવી રાખીઆ હતા, તેથી વલી ફીરોજીની તીજી વખત અટકીઆ હતા તેને માટે ફીરોજીએ તરશટીઓ પાસે **કાંમ કરવાની રજા માંગી હતી,** તે ફીરોજીનો અસલ કાગજ ના **૮.**

વલી ઇસવી ૧૮૬૧ (સવત ૧૯૧૭) મા ફીરોજીએ તરશટીઓ ઉપર બીજો કાગજ લખી અગીઆરીમા **કાંમ કરવાની રજા માંગી હતી,** તે ફીરોજીનો અસલ કાગજ ના **૯.**

વલી ઇસવી ૧૮૬૧ (સવત ૧૯૧૭) મા નારગોરના એક અધીઆરૂનો છોકરો ઉદવાડે નાવર મરાતબ થએલો, પણ કોણ જાણે શા શબબથી તે છોકરો ચીનાઇની અગીઆરીમા નાહણુ લઇ કીરીઆ કામ શીખવા આવેલો હતો તેને નાહણ આપી કીરીઆ કામ શીખવીએ કે નહીં? એમ લખી ફીરોજીએ **તરશટીઓનો હોકમ માગીઓ હતો,** તે ફીરોજીનો અસલ કાગજ ના **૧૦.**

વલી ઇસવી ૧૮૬૨ (સવત ૧૯૧૮) મા જામાશજી પાલણજી દસ્તુરનાએ નાહણ લઇ અગીઆરીમા કામ કરવાની તરશટીઓ પાસે **રજા માંગેલી,** તે જામાશજીનો અસલ કાગજ ના. **૧૧.**

વલી ઇસ્વી ૧૮૬૨ (સવત ૧૯૧૮) મા અધીઆરૂ મનચેરજી બમનજીએ નહાંણ લઇ અગીઆરીમા કામ કરવાની તરશટીઓ પાસે **રજા માંગેલી,** તે મનચેરજીનો અસલ કાગજ ના **૧૨.**

વલી ઇસવી ૧૮૬૨ (સવત ૧૯૧૮) માં ફીરોજીના છોકરા હોરમજીએ નહાણુ લઇ અગીઆરીમા કામ કરવાની તરશટીઓ પાસે **રજા માંગેલી,** તેને માટે ફીરોજીએ પોતે પોતાનાં કાગજમાં ત

રશટીઓ ઉપર લખેલુ છે, તે ફીરોજીનો અસલ કાગજ ના **૧૩.**

વલી ઇસવી ૧૮૬૪ (સવત ૧૯૨૧) માં ફીરોજીનો છોકરો હોરમજી આવાં મહીના ને અનેરાંન રોજ પછી, એટલે જે આ દર મહીનામાં નાહણ લઇ બેઠો હતો, તે વિશે મુબઇ ખરશેદજી તરશટીને ખબર થવાથી ખરશેદજીએ મુબઇથી જમશેદજી પેસુતનજી ઉપર તાર કીધો કે હોરમજીને ઉઠાડો તે પરમાણે જમશેદજીએ **હોરમજીને ઉઠાડેલો,** તે તારનો અસલ કાગજ ના **૧૪.**

વલી ઇસ્વી ૧૮૭૨ (સવત ૧૯૨૮) મા જામાશજી પાલનજીએ રૂસતમજી તેમુરજી તથા બરજોરજી રૂસતમજીને નહાણ આપવાનો મુબઇથી તરશટીઓનો **હોકમ મંગાવેઓ હતો,** તે જામાશજીનો અસલ કાગજ ના **૧૫.**

જેમ જામાશજી અને ભીખાજીએ તરશટીઓના હોકમ વગર ફીરોજીને નહાણ નહીં આપેલુ તેમ વલી ફીરોજીએ જામાશજી અને ભીખાજીની વીરૂધ એક કાગજ હાલના તરશટોઓ વીગરે ઉપર તા૦ ૫ અકટોબર ૧૮૭૫ (સવત ૧૯૩૧) ને રોજે લખેલો, તેમા ફીરોજીએ લખેલુ કે મોબેદાના નાહણ બદલાનો વીગરે તે કાગજ મુબઇમા શઘળાઓએ વાચેલો, અને બધાઓના એક વીચારથી તે આખો કાગજ અને તેનો જવાબ મલી તેના ૫૦૦) હેડબીલ તા૦ ૨૮ નવેબર ૧૮૭૫ને રોજે છપાવીને સરવે લોકોમા વેહચેલા, તેમાનુ એક હેડબીલ રેજીશટર કરી તે વખતે ફીરોજી ઉપરખી મોકલાવીઉ હતુ, તે વાચીને **ફીરોજી ચુપ બેઠા હતા.** તેનો આજ સુધી ગનખબરો મલે નહિ

જુઓ આગના રીવાજ પરમાણે ફીરોજીએ હાલના તરશટીઓ વીગરે ઉપરખી કાગજ લખેઓ હવે જો ફીરોજી મોબેદા ઉપર કઇબી સત્તા ધરાવતા હતે તો તેને આધારે ફીરોજી પોતેજ મોબેદાના નહાણ બદલાવતે, અગર તો તે મોબેદાને કામ કરતા અટકાવતે, પણ એમ કરવાને ફીરોજીનો કઈ અધીકાર નહીં હતો, **પણ તરશટીઓનો હતો,** તેથી તરશટોઓ ઉપર ફીરોજીને કાગજ લખવાની ફરજ પડી આ ઉપલો ફીરોજીનો કાગજ ફીરોજીનાં બોલવાને તોડેચ, તે ફીરોજીનો અસલ કાગજ નાં **૧૬.**

હવે જુઓ મજકુર અગીઆરીમાં કામ કરનારા ફીરોજી દસતુર અને મોબેદા ઉપર **તરશટીઓનો કેવો હક છે?** અને તરશટીઓએ **દશતુર મોબેદો ઉપર** કેહવો કાએદશર **હોકમ ચલાવેલો છે?** તે શધળો હોકમ ફીરોજી અને મોબેદાએ કબુલ રાખેલો છે, એટલુજ નહીં, પણ તા૦ ૨૬ એપરેલ સને ૧૮૭૮ ને રોજે વલશાડની સબોરડીનેટ જડજ સાહેબના કોરટમા ફીરોજીએ તરશટીઓના હકને વાશને ઘણીજ મોનેબર જબાની આપેલી છે, તે વાચનારા શાહેબોની ખાતરીને માટે હમે નીચે બતાવીએ છીએ.

" ખરશેદજી ઇજીઆરજીને (એટલે જે ખરશેદજી વડા તરશટીને) આ
" અગીઆરીમા (એટલે જે ચીનાઇની અગીઆરીમા) બરશનુમ કોને
" લેવા દેવુ, કોને નહીં લેવા દેવુ, કોને કામ કરવા દેવુ, કોને નહીં
" કરવા દેવુ, એ વીશેની સત્તા હતી એ અખતીઆર હતો તે તેઓ
" ફંડના તરશટી હતા તેથી હતો ખરશેદજી શેવાએ બાજા તરણ એ
" ફંડના તરશટીઓ હતા જેવો ખરશેદજીનો અખતીઆર તેવોજ
" બાકીના તરણ તરશટીઓનો હતો" જુઓ ધમબાર ફંડના **તરશટીઓ અગીઆરીનો વહીવટ કરતા આવેલા છે તેને** મલતી ઉપર મુજબ ફીરોજીએ જુબાની આપેલી છે

ભાગ તરીજો.

શેઠ ખરશેદજી તથા શેઠ જાગીરજી હોરમજી ચીનાઇએ મજકુર અગીઆરી ઉપર પોતાનો માલકીપણાનો હક રાખેલો છે, તેનો એજ ચોપાનીઆના પેહેલા ભાગમા ખોલાશો કીધો છે, તોપણ તેને લગતો વધુ ખોલાશો નીચે બતાવીએ છીએ

પેહેલુ. બેહેશતી હોરમજી ભીખાજી ચીનાઇએ મજકુર અગીઆરી સવત ૧૮૯૫મા બધાવેલી, તેના ઉપર રૂ ૨૩૨૭)~॥ ખરચ પડેલો છે એ ખરચની ચોપડી ઉદવાડેવાલા બેહેસતી દસતુર દારાબજી બેરામજીને હાથની લખેલી છે, કેમકે તેવાણુનાં ઉપરીપણામાં એ અગીઆરી બધાએલી છે

બીજું. ઇસવી ૧૮૫૭ (સવત ૧૯૧૩) નાં વરસમાં ફીરોજી દ-

સતુર પોતે અને મોહલામાના **બીજા ૨૨ જણ મલીને** શેઠ ખ-રશેદજી, તથા શેઠ જાંગીરજી હોરમજી ચીનાઈ ઉપર વલસાડથી એ કાગળ લખેલા છે. તેમા તેવણે એમ લખેલુ છે કે (તમારા બેહેસતી મુરબી હોરમજી બીખાજી ચીનાઇએ હમારા મોહલામાં અગીઆરી બધાવેલી છે તે પુરાની થઈ ગઇ, માટે તેને રીપેર કરાવો અતીઆદી તે કાગળ ઉપરથી મજકુર શેઠાએ ફીરોજી દસતુર અને બીજા ૬ જણ અસતક અગીઆરી રીપેર કરાવી તે રીપેર કામના રૂ ૧૧૩ા=ાાા ખરચ થએલો છે તેના કાગજ—આકડા ફીરોજી સાથે બીજા ૬ જણની સહીના લખેલા છે

તીજુ. મજકુર અગીઆરી બાબત મુનસફ સાહેબની કોરટમાં તા૦ ૨૬ એપરેલ સન ૧૮૭૮ને રોજે ફીરોજીએ જબાની આપેલી છે, તેમા ફીરોજી આએ નોચે પરમાણે બોલેલા છે

" અજુમનનો અથવા અજુમનના કોઇ માણસનો પૈસો આ અગી-
" આરીનુ મકાન બાધવામા અથવા તેમાના આતશ અથવા ચેરાગ
" રોશન રાખવામા વપરાયો નથી   તકરારી અગીઆરી સાથ
" જે સબધ હોરમજી ચીનાઇનો હ તો, તેજ સબધ તેના મરા ગ-
" આ પછી તેના છોકરાઓનો રહેઓ   હાલના વાદીઓ તરશ-
" ટીઓ છે તે તરશટી તરીકે (અગીઆરીનો) વહીવટ કરે છે એવુ
" મે કોઇ મેજીસ્ટ્રેઇટની કોરટમા કહીઉ છે કે નહિ. તેની મને
" સુરત નથી જો મે એમ કહીઉ હશે તો **તે ખરૂં કહીઉં હશે."**

ચોથું. મજકુર અગીઆરીનુ મી૦ એદલજી મોદી સાહેબે સન ૧૮૭૯મા ઇગરેજીમા જડજમેટ આપેલુ છે, તેનો ગુજરાતી તરજુનો કરી તેના હમે ચોપાનીઆ છપાવેલા છે તે ચોપાનીઆને સ ૧૬ મે નીચે પરમાણે આવેલુ છે

" હોરમજી ચીનાઇ, કે જેઓએ અગીઆરી બાધી અથવા સ્થાપી તે
" વખતે અથવા તીઆરપછી અથવા તેના વારસો, કે જેઓએ તેમા
" આતશ મુકેઆ, તે વખતે અથવા તેઆરપછી કદી પણ એ અ
" ગીઆરી પારસીની કોમને અથવા તેના કોઇ ભાગને બખશી

" અથવા વેચાણ આપીને કોમને માટે તેના તેઓ તરશટી થએલા
" છે, એવો કાંઇ પુરાવો નથી હોરમજી ચીનાઇનાં વશીઅતનામામા
" (ફકરો ૯મો જુઓ) એવી કબુલાત અથવા હેતુ નથી "— ---

પાંચમુ. એજ અગીઆરી બાબત મુનસફ સાહેબની કોર્ટમા વલસાડની અન્જુમનના વડા શેઠ દાદાભાઈ ફરામજીએ તા૦ ૬ એપરેલ સને ૧૮૭૯ને રોજે શાખશી આપેલી છે, તેમા મજકુર શેઠ નીચે પ્રમાણે બોલેલા છે

" વલશાડની પારશી પચાએતને એ તકરારી અગીઆરી ઉપર કાંઇ
" હક નથી . તકરારી અગીઆરી ઉપર પચે કોઇ પણ દહાડો
" સત્તા વાપરી નથી "

છઠ્ઠું. એજ અગીઆરી બાબત મુનસફ સાહેબની કોરટમાં શેઠ બમનજી કુવરજીએ તા૦ ૨ એપરેલ ૧૮૭૯ને રોજે શાખશી આપેલી છે, તેમા મજકુર શેઠ નીચે પરમાણે બોલેલા છે

" ફીરોજીએ અગીઆરીનો વહીવટ કરેલો મારા જોવામા આવેલો
" નથી દશતુર ફીરોજીને એ તકરારી અગીઆરીને મરામત
" કરાવવા પૈસા આપતા લેતા મે જોયુ નથી
" સવાલ—એ અગીઆરી ઉપર દશતુરજીનો અખીકાર તમારી રૂબ
" મુકરર થએલો છે ? .
" જવાબ— ના "

સાતમું. ઇસવી સન ૧૮૮૮ (સવંત ૧૯૪૫) ના નવેબર મહીનામા એજ અગીઆરી શેઠ ખરશેદજી તથા શેઠ જાગીરજી હોરમજી ચીનાઇએ વલશાડ અન્જુમનના વડા શેઠ દાદાભાઈ ફરામજી, શેઠ ધનજીભાઇ ભુરાભાઈ, શેઠ મેરવાનજી બરજોરજી પોશટવાલા અને શેઠ શાપુરજી દાદાભાઇ અસતક અગીઆરી રીપેર કરાવી તે રીપેર કામના રૂ ૨૨૭ાાાાા ખરચ થએલો છે, અને તેના કાગજ—આકડા વલશાડથી મજકુર શેઠો ઉપર મુબઇ ગએલા છે એ રીપેર કામને દરમેઆન મજકુર શેઠોએ મુબઇથી એક તખતી મોકલાવી હતી, તે ઉ-

જલા સાહેબોએ અગીઆરીની આગલી બરશાકને માથે ચોટાડેલી છે તે તખતીમા આએ નીચે પરમાણેનુ લખાણ છે

> **યનાંમે ઇઆજદાં.**
>
> આએ દરેમેહર બેહેસતી હોરમજી ભીખાજી ચીનાઇએ સનત ૧૮૭૫મા બધાંરી, તીઆર પછી તેવાણના વારશ ખરશેદજી તથા જેહાંગીરજીએ સનત ૧૯૧૩, તેમજ સવત ૧૯૪૫મા મલી બે મરતબે રીપેર કરાવી પોતાના કબજા અખતીઆરમા રાખો સરવે જરથોસતીઓને બદગી કીરીઆ કરવાને ખોલો મુકેલી છે રોજ ૧૦, મહા ૪ શને ૧૨૫૮ ઇઅજદેજરદી

આ ઉપર જણાવીઆ શેવાએ અગીઆરીના માલકીપણાના બીજા ઘણા પુરાવા છે, પણ લખાણ થવાને લીધે હવે તને અમે લેતા નથી

જુઓ ચીનાઇની અગીઆરીમા તરશટીઓના હોકમ વગર ફીરોજી કઇબી કામ કરી શકતા નહીં હતા જુઓ દાખલા તરીકે ના ૮ અને ના ૧૧ ના કાગજમા ફીરોજી લખે છે કે કોઇબી જરથોસતીને ઘરે મોબેદને બાજ ઇજવા બોલાવે તો મોકલુ કે નહીં ? ફલાણા મોબેદના છોકરાને નાહણ આપી કીરીઆ કામ શીખવીએ કે નહીં ? આટલી નજીવી બાબતનોબી ફીરોજી મુબઇથી તરશટીઓનો હોકમ મગાવતા હતા એ ઉપરથી માલમ પડે છે કે ફીરોજી ઘણા સાફ દીલના હતા, તેથી તરશટીઓને ઘણા ચાહતા હતા પણ કેટલાકોથી તે જોઇ શકાયુ નહિ તેથી ફીરોજી અને તરશટીઓ વચે ફુટ પાડી ! પણ તે ફુટ પાડનારાઓથી બચારા ફીરોજી દશતુરને અતીઆર શુધી ઘણો નફો થએલો કેહવાએ છે

હવે આ ખતમ કરી એટલુ કેહેવા માગીએ છીએ કે આગલા અને હાલના મોબેદાએ શરેશતા પરમાણે જેટલો વખત અગીઆરીના ઉપીઓગ કીધો, તેનો **આગલા ભાગમાં** આએ ખરેખરો

ખોલાશો આપીઆ છે

તીઆરપછી **બીજા ભાગમાં** ફીરોજી અને મોબેદાનાં કાગ-જોને આધારે તરશટીઓની અખતીઆરી પુરવાર કીધી છે એ ઉપલાં કાગજોને આધારે ફીરોજી અને મોબેદા ધરમ કીરીઆ કરવાને અ-રથે તરશટીઓને તાબે થએલા દખાએ છે જીઆરે એમજ છે, તો પછી ફીરોજીનો મોબેદા ઉપર અખતીઆર હોએ કાહથી ? તે વાંચો આ ઠેકાણે દુર અંદેશ દાનાઈથી જોવાનુ છે તીઆરપછી **તીજા ભાગમાં** અગીઆરીના માલકીપણાના હકનો વધુ ખોલાશો આ-પીઆ છે

આ ખોલાશો કાડવાની હાલ હમોને કઇ અગત નહીં હતી, પણ ખરશેદજી ફીરોજીએ કોઇની ઉસકેરણી અને હશદથી હમારા ઉપર ખોટી ફરીઆદ કીધી, અને હમોને ખરચમા નાખીઆ, એ એક ખરશેદજીએ મોટો ગુનાહ કીધો, કેમકે ખરશેદજી પોતે સારી પઠે જાણતો હતો કે તેમનો તકરારી અગીઆરી ઉપર બાલકુલ હક નથી તેમજ તેમની પાશે એ અગીઆરીનો પુરાવોબો નથી, તેમ છતા જા-ણી જોઇને તેઓએ કોરટમા ખોટા કશમ ખાઇને જુબાની આપી તેથી કાએદેશર ખરશેદજી (પરજર) થઓ, એટલે કે ખરશેદજી ખોટ' કશમના ગુનામો આવેવો કેહવાએ તે ઉપર જો કાએદેશર હમે આ-ગલ જતે તો ખરશેદજીને કેટલુ ખમવુ પડતે ? પણ તેમ નહીં કરત, હવે ખરશેદજીને એટલુ કેહવા માગીએ છાએ કે હવેથી તેઓએ આડકતરો રસતો છોડી દેઇ, સીધે મારગે ચાલે, કે તેના સારા પરીણામ તેઓ જોએ જુઓ ખરશેદજીએ ફરીઆદ અરજીમા તદન ખોટુ લખે-લુ છે કે —

એ અગીઆરી હમારા સ્વતંતર **માલકીપણાના** હકની,

એ અગીઆરી હમારા કબજા ભોગવટાની,

એ અગીઆરી હમારા શેવાએ કોઇ વાપરતુ હતુ નહિ,

એ અગીઆરીમાહમારી રજા વગર ધરમની કીરીઆ થતી નહી હતી,

એ અગીઆરીમા દીવશે હમેજ રહેતા હતા,

એ અગીઆરીમાં રાતના હમેજ સુતા હતા,

એ અગીઆરીમા કોઇને રહેવાનો હક નહી હતો

આવી રીતનુ ખરશેદજીએ તદન ખોટુ લખાણ કીધુ **એમાં તો કાંઇ શક** નહિ પણ એમાનો એક બોલબી પુરાટમા ખરશેદજી શાબ'ત કરી શકીએ નથી
હવે એ અગીઆરી કોની છે?
એ અગીઆરીના માલીક કોહા છે?
એ અગીઆરીનો દેખરેખનો અખતીઆર માલીકોએ કોને આપેલો છે?
એ અગીઆરીમા કહેઆ મોબેદો કામ કરતા આવેના છે?
એ અગીઆરી ઉપર ઉપરપણુ કોણ કરતુ આવીઉ છે? એ બાબતના હમારી પાસે જોઇતા પુરાવા છે, તને માટે હમોને આ ખોલાશો કાડવાની ફરજ પડી જો ખરશેદજી આવી ખોટી ફર'આદ કરને નહીં, તો હમે કદીબી આ રસ્ને ઉતરો નહીં

હવે ઉપર જણાવેલા દસતુર મોબેદોના કાગજો ધમબાર ફંડના પેહેલા તરશટી **ખરશેદજી ઇજીઆરજી** ઉપર તે વખને આવેલાં, તે તેવણે મજકુર ફંડના દફતરો શાથે તપાશી રાખેલા તીઆરપછી બુઢાપાના શબબથી જીઆરે ખરશેદજીથી નીભાયુ નહીં, તીઆરે તેવણની હઇઆતીમાજ તેવણે મજકુર ફંડના શઘળા ઓચરીઆ, કાગજ, દફતરો, બીજા તરશટી પેશતનજી નવરોજી કાપડીઆને હવાલે કીધેલા, અને તેવણની હઇઆતી સુધી તેવણે સાચવી રાખેલા બાદ **પેશતનજી નવરોજી** કાપડીઆ ગુજરી ગઆ, તીઆર પછી તે શઘળા દફતરો, કાગજ, ઓચરીઆ, પેશતનજીના છોકરા **હોરમજી તરસટી તથા તેવણ સાથે બીજા બે તરશટીઓ મળી તરણ જણ પાસે હાલ રહેલાં છે.**

જો એમા હમારી કશીબી ભુલ અથવા ગફલતી જેવુ હશે તો તેને હમે ખુશી શાથે સુધારી આપીશુ

જમશેદજી પેશુતનજી